**તા. ૨૮/૦૨/૨૦૨૪**

| અગ્રતા ક્રમાંક | તારાંકિત પ્રશ્ન ક્રમાંક | મુખ્ય પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી / પ્રશ્નની વિગત | હકારાત્મક પ્રશ્ન ક્રમાંક | હકારાત્મક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી |
| --- | --- | --- | --- | --- |
| ૧૨ | ૧૫/૪/૨૫૩૪ | **રાજ્યમાં બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ બાબત શ્રી કીરીટકુમાર પટેલ– પાટણ** | ૧ | શ્રી સંદિપભાઇ દેસાઇ– ચોર્યાસી |

| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ – ૧૨<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી સંદિપભાઇ દેસાઇ– ચોર્યાસી |
|---|---|
| પ્રશ્ન–૧ | **બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં નોમીની માટેની લાયકાતો કાયદાની કઇ જોગવાઇથી નકકી થયેલ છે?** |
| જવાબ–૧ | ➢ **ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ અંતર્ગત ગુજરાત સહકારી મંડળી નિયમ–૧૯૬૫ ના નિયમ–૪૦ માં સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧૭/૦૨/૨૦૦૭ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ/૯/સીડીઇ/૧૦૨૦૦૬/૨૩૨૦/કે થી સુધારા થઇ આવેલ છે. જેમાં, નિયમ–૪૦(ક) થી બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં નોમીનીની લાયકાત નકકી કરવામાં આવેલ છે.**<br><br>**<u>જેમાં,</u>**<br><br>➢ **સિનીયર સિવિલ જજથી ઓછો દરજજો ધરાવેલ અથવા ધરાવતી ન હોય તેવી વ્યકિતને, અથવા**<br>➢ **વકીલ/પ્લીડર તરીકે પ્રેકટિસ કરતા હોય અને વકીલાતમાં ૧૦(દસ) વર્ષ કરતાં ઓછો અનુભવ ધરાવતી ન હોય તેવી વ્યકિતને, અથવા**<br>➢ **એડવોકેટ તરીકે નોંધાયેલ હોય અથવા કાયદાની માન્ય ડિગ્રી(એલએલ.બી.) ધરાવતા હોય અને કાયદાથી સ્થાપિત યુનિવર્સિટી અથવા ઓથોરિટીએ જેઓને એડવોકેટ તરીકે નોંધણી માટે લાયક ઠરાવેલ હોય તેવા,**<br><br>**<u>અને</u>**<br><br>**(૧) સંયુકત રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દરજજાના અધિકારીશ્રી, અથવા** |

| | |
|---|---|
| | (૨) નાયબ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ તરીકેનો હોદો ધરાવતા હોય અને નાયબ રજિસ્ટ્રાર તરીકેની કામગીરીનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોય તેવા નાયબ રજિસ્ટ્રાર દરજજાના અધિકારીશ્રીને નિમણૂંક આપી શકાશે તેમ ઠરાવેલ છે.<br>➢ નોમીની તરીકે નિયુકત થયેલ વ્યકિતની ઉંમર ૬૫ વર્ષથી વધુ હોવી જોઇશે નહીં.<br>➢ ગુજરાત કો.ઓપ.બાર એસોસીએશન દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ દાખલ કરાયેલ MISC. CIVIL APPLICATION (FOR REVIEW) NO. 2908 OF 2011 IN SPECIAL CIVIL APPLICATION NO. 676 OF 2011 માં નામદાર હાઇકોર્ટ દ્વારા તા. ૧૧/૦૯/૨૦૧૫ ના ચુકાદાથી બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટના નોમીની(સભ્ય) તરીકે નિમણૂંક માટે જયુડીશ્યલ ઓફીસર તરીકેનો અનુભવ પાંચ વર્ષ કરતાં ઓછો ન હોવો જોઇએ અથવા જયુડીશ્યલ ઓફીસર જેવા કે એડવોકેટ તરીકેનો અનુભવ પાંચ વર્ષ કરતાં ઓછો ન હોવો જોઇએ તે મુજબ આદેશ કરેલ છે. |